## વડીલોને વંદન અભિનંદન



કલાવતીબેન અંબાલાલ રાવલ
(૧૯૩૧) ફોન: ૨૩૨૫૭૯૭

### પાલનપુરમાંથી વધુ એક બાઈકની ઉઠાંતરી

પાલનપુરમાં છેલ્લા કેટલાક સમયથી બાઈક ચોરીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. ત્યારે આજરોજ પાલનપુરમાંથી વધુ એક બાઈકની ચોરી થતાં વાહનમાલિકોમાં ફફડાટ પ્રસરી ગયો છે. બાઈકની ચોરી અંગે પાલનપુર શહેર પૂર્વ પોલીસમથકે નોંધાયેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર પાલનપુરના પનાભાઈ ગલાભાઈ સોલંકી આજરોજ પોતાનું બાઈક લઈ ઉમીયા સ્કૂલના કોટ પાસે આવ્યા હતા અને બાઈક સ્ટેન્ડ કરી કોઈ કામ અર્થે ગયા હતા. દરમ્યાન કામ પતાવી પરત આવતાં બાઈક ન જણાતાં તેઓએ બાઈકની શોધખોળ કરી હતી પરંતુ બાઈકનો કોઈ જ પત્તો ન લાગતાં આખરે આજરોજ પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે આ અંગે ફરીયાદ નોંધાવી છે.

### પાલનપુરમાં જુગાર રમતાં બે જુગારીયાઓને પોલીસે ઝડપી પાડ્યા

પાલનપુર, તા. ૯

પાલનપુરમાં જુગાર રમતાં બે જુગારી શખ્સોને પાલનપુર શહેર પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેની વિગત એવી છે કે પાલનપુરના નાની બજારમાં જુગાર રમાતો હોવાની માહિતી આધારે પાલનપુર શહેર પોલીસે ઓચિંતી તપાસ હાથ ધરતાં નાની બજારમાં જુગાર રમતાં બે શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. જેઓની પાસેથી જુગાર સાહિત્ય અને બે મોબાઈલ તેમજ રોકડ રૂ. ૧૩૦૦ મળી કુલ રૂ. ૧૪૫૦ નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. અને ઝડપાયેલા મજહુરખાન અનવરખાન નાગોરી (રહે. સલેમપુરા, પાલનપુર) તથા અજુરદીન જલાલખાન નાગોરી (રહે. નાની બજાર, પાલનપુર) વાળા સામે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરી દાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પાટનગરમાં ફાયનાન્સિયલ ઈન્કલુઝન પર કોન્ફરન્સ

# પ્રત્યેક નાગરિકને નાણાકીય સુવિધાઓ મેળવવાનો હક

### બેંકો માટે પ્રધાનમંત્રી જનધન યોજનાને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું માધ્યમ છે : રાજ્યના પ્રધાનોનો મત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ફાયનાન્સિયલ ઈન્કલુઝન વિષયક રાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતા રાજ્યના નાણામંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશના પ્રત્યેક નાગરિકને નાણાંકીય સુવિધા મેળવવાનો અધિકાર છે મંત્રી જણઆવ્યું હતું કે, અંતરિયાળ વિસ્તારના નાગરિકો માટે બેંકની સુવિધા ઉપલબ્ધ થાય તો તેમના આર્થિક વિકાસને નવો વેગ મળશે અને એટલે જ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વડાપ્રધાન જનધન યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સામાન્ય માનવીની અપેક્ષા સંતોષવા પ્રત્યેક બેંક સમક્ષ બને તો જ આ ગ્રાહકોમાં બેંક પ્રત્યે વિશ્વાસ જાગશે તેમ જણાવતા નાણામંત્રી સૌરભભાઈ પટેલ ઉમર્યુ હતું કે, પ્રત્યેક નાગરિક પ્રધાનમંત્રી જનધન યોજના દ્વારા બેંક સાથે જોડાઈને વ્યવહાર કરે તે બેંક માટે સોશિયલ ઓબ્લીગેશન એટલે કે સામાજિક બંધન નહીં પરંતુ સોશિયલ ઓપોર્ચ્યુનિટી સામાજિક વિકાસની તક છે. આ તક ઝડપી લઈને બેંક પોતાનો કારોબાર વિસ્તારી શકશે. મંત્રી પટેલે જરૂરતમંદ લોકોના આર્થિક વિકાસ માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વમાં પ્રો-એક્ટિવ ભૂમિકા ભજવી છે તેની વિગતો આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, પશુપાલક મહિલાઓ, કલા કારીગરો, નાના અને મધ્યમ ઉદ્યોગો સબસિડી અને વ્યાજ સહાય આપીને રાજ્ય સરકારે જરૂરમંદ લોકોને ગરીબીથી ઉપર લાવવા પુરુષાર્થ કર્યો છે. મંત્રી ફાયનાન્સિયલ એક્સટેન્શન, ફાયનાન્સિયલ ઈન્કલુઝન અને ફાયનાન્સિયલ એક્સ્કલુઝન વચ્ચેનો ભેદ સમજાવ્યો હતો. આ પ્રસંગે ગ્રામવિકાસ રાજ્યમંત્રી જયંતિભાઈ કવાડિયાએ ગામડાને પણ શહેરો જેવી સુવિધા પરી પાડીને રાજ્ય સરકારે ગ્રામીણ લોકોના ઉત્કર્ષ માટે નવી કેડી કંડારી છે તેમ જણાવી ઉમેર્યું હતું કે, આર્થિક વિકાસ માટે ગ્રામીમ લોકોને બેંક સાથે જોડવા પડશે, જેથી તેઓ નાણાંકીય સુવિધાના સહારે પોતાનો આર્થિક ઉત્કર્ષ કરી શકે. આ રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેલા ભારત સરકારના ફાયનાન્સિયલ સર્વિસીઝ ખાતાના અધિક સેક્રેટરી ટી.વિજયકુમારે જણાવ્યું હતું કે, વધુને વધુ જરૂરતમંદ લોકો સુધી પહોંચવા માટે બેંકે નવપ્રવર્તનનો રસ્તો અપનાવવો પડશે. વડાપ્રધાન જનધન યોજનાથી બેનિફીટ ટ્રાન્સફરથી સૌથી વિશેષ લાભ ગરીબો, જરૂરતમંદોને થશે અને વહીવટી પારદર્શિતા સાધી શકાશે. તેમણે સ્વ-સહાય જૂથો, સખી મંડળોના બેંક જોડાણને મહત્વનું ગણાવ્યું હતું. એટલું જ નહીં તેમણે સ્વ સહાય જૂથને પણ નાની એવી બેંક જ ગણાવી હતી અને માઈક્રો ફાયનાન્સના મહત્વને દોહરાવ્યું હતું.

# વડાગામમા તોસ્તાન જમીન કૌભાંડ મામલે ૧૭ સામે ફરિયાદ

ડીસા, તા. ૯

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં સોનાની લગડી જેવી જમીન કેટલાક શખ્સો રાતોરાત બોગસ ખાતેદાર બની વેચી મારી હતી. જમીનનો દસ્તાવેજ





બોગસ માલીકોએ ચૂંટણી કાર્ડ રજુ કરી બનાવ્યો હતો. બીજી બાજુ સાક્ષીઓએ પણ આ સમગ્ર જમીન વેચાણ કૌભાંડમાં ખોટી સાક્ષી આપી હતી. કરોડોની જમીન બારોબાર વેચી મારવાના આ કૌભાંડની ઉચ્ચકક્ષાએ ફરીયાદો કરવામાં આવતા આખરે અરવલ્લી જિલ્લા પોલીસવડાએ બોગસ દસ્તાવેજને આધારે જમીન વેચવાના કૌભાંડમાં બોગસ માલિકો એમ.કે. સ્ટોન વડાગામના માલિકો ઉપરાંત સાક્ષીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરવાના આદેશ કર્યા હતા. જેના પગલે ધનસુરા પોલીસે ૧૭ વ્યક્તિઓ વિરૂદ્ધ ફરિયાદ નોધી તપાસ આરંભી છે. બોગસ જમીન ખરીદી કૌભાંડમાં આધારે પોલીસ ફરીયાદ થતા સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

વડાગામ ખાતે આવેલ સર્વે નંબર ૧૩૯ પૈકી ૨ની જમીન થોડા સમય અગાઉ વેચાઈ હતી જો કે કરોડો રૂપિયાની કિંમતની આ જમીન મૂળ માલિકને બદલે બોગસ માલિકોએ વેચાણ કર્યુ હોવાનું બહાર આવ્યું હતું. વડાગામ ખાતે આવેલ એમ.કે. સ્ટોનના માલિકો મુકેશકુમાર કાનજીભાઈપટેલ તથા રાજેશકુમાર વિઠ્ઠલવભાઈ પટેલ આ બોગસ ખાતેદારો પાસેથી જમીનની ખરીદી કરી હતી. જમીન ખરીદનારાઓ તથા કરોડોની જમીન રાતોરાત નામે કરાવી દીધી હતી. ૧૩૯ પૈકી જમીનનો



દસ્તાવેજ ધનસુરા સબ રજીસ્ટાર કચેરી ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં જમીનના બોગસ માલિકોએ ખોટા ચૂંટણી કાર્ડ રજુ કર્યા હતા અને દસ્તાવેજ કરી આપી એમ.કે. સ્ટોનના માલિકના નામે કરોડોની જમીન થઈ ગઈ હતી.

એમ.કે. સ્ટોનના માલિકોએ બોગસ માલિકો પાસેથી જમીન ખરીદ્યા પછી ખોટુ કરવામાં કશુ બાકી જ રાખ્યુ ન હતુ. આ બોગસ દસ્તાવેજ અમદાવાદની સરસપુર બેંક શાખામાં રજુ કરી મશીનરી માટે કરોડો રૂપિયાની લોન લીધી હતી જો કે બાદમાં બેંકની મંજુરી વગર ૯૦ લાખ રૂપિયાની આ મશીનરી બારોબાર વેચી મારવામાં આવી હતી. બેંક સાથે પણ છેતરપીંડી જણાતા પોલીસે આ અંગે પણ ગુનો નોંધ્યો છે. અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

> જમીન કૌભાંડ આચરનારાઓના ગળામાં કાયદાનો ગાળિયો કસાઈ ગયો છે. જો કે આખાય પ્રકરણમાં સરકારનું તંત્ર પણ બોગસ દસ્તાવેજ બનાવવામાં સામેલ હોવાનું મનાઈ રહ્યું છે. વ્યક્તિ અલગ અને ચૂંટણી કાર્ડ પર ફોટા અલગ હોવા છતાં દસ્તાવેજ બની ગયો હતો. બીજી બાજુ જમીન વેચાણ બાદ ૧૩૫ ડીની જમીન માલિકોને નોટીસ આપી દેવાઈ હતી. આ જમીન માલિકો જ બોગસ હતા તો તંત્રએ નોટીસો કઈ રીતે આપી ? આ સમગ્ર મુદ્દે પોલીસ તપાસ કરશે તો કેટલાય સરકારી બાબુઓના પગ નીચેથી જમીન ખસી જશે તેમા બે મત નથી.

# કપાસની ખરીદી માટે કેન્દ્રો શરૂ કરવા કેન્દ્રના કૃષિમંત્રી સમક્ષ રજુઆત

ગુજરાતના ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવ મળે તે માટે આજે કેન્દ્રના કૃષિમંત્રીને તેમજ વડાપ્રધાનને ગુજરાતના કૃષિમંત્રી રજૂઆત કરશે.

કૃષિ વિભાગ સામે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો ન મળતા ખેડૂતોની કફોડી હાલત થવા પામી છે. કપાસના પોષણક્ષમ ભાવો આપવાની માંગ સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા આંદોલન છેડવામાં આવી રહ્યું છે. ખેડૂતોએ આંદોલન છેડતાં રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને કેન્દ્ર સરકારમાં આ મુદ્દે રજુઆત કરવા રાજ્યના કૃષિમંત્રીને દિલ્હી દોડાવ્યા હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે કપાસના મુદ્દે મુખ્યમંત્રી સાથે રાજ્યના કૃષિ મંત્રી, આરોગ્યમંત્રી અને કૃષિ સચિવની એક બેઠક મળી હતી. જેમાં ખેડૂતોના કપાસની ટેકાના ભાવે ખરીદી કરવા ખરીદ કેન્દ્રો શરૂ કરવા કેન્દ્રમાં રજુઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ નિર્ણયને પગલે આજે રાજ્યના કૃષિમંત્રી બાબુભાઈ બોખીરીયા, આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલ અને કૃષિ સચિવ દિલ્હી ગયા છે અને તેઓ કેન્દ્રના કૃષિમંત્રીને કપાસના ખરીદી કેન્દ્રો શરૂ કરવા રજુઆત કરશે.

# પાલનપુરમાં રહેણાંક મકાનમાંથી દારૂ ઝડપાયો

પાલનપુર, તા. ૯

પાલનપુર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દારૂનું પૂરજોશમાં વેચાણ થઈ રહ્યું હોવાની વ્યાપક પ્રમાણમાં રાવ ઉઠવા પામી છે. દારૂના



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વેચાણથી યુવાધન દારૂની બદીમાં સપડાઈ બરબાદીના પંથે હાલી નીકળ્યું છે. ત્યારે ગત મોડી રાત્રીના સુમારે પાલનપુરના હમીરબાગ વિસ્તારમાં આવેલા રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ એક શખ્સની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. ઉપરોક્ત બનાવ સંદર્ભે સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર પાલનપુર શહેર પૂર્વ પોલીસને મળેલ ચોક્કસ માહિતી આધારે પોલીસમથકના પી.આઈ. બી.એચ. રાજગોર સહિતના પોલીસ સ્ટાફે પાલનપુરના હમીરબાગ વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ રઘનાથભાઈ ઠાકોરના રહેણાંક મકાનમાં ગત મોડી રાત્રીના સુમારે ઓચિંતી રેડ કરી તપાસ કરતા મકાનમાંથી વિદેશી દારૂની ૬૩ બોટલ કિંતમ રૂ. ૭,૯૦૦ ની મળી આવતાં પોલીસે ગોવિંદ રઘનાથભાઈ ઠાકોરની અટકાયત કરી પાલનપુર શહેર પોલીસમથકે લાવવામાં આવ્યો હતો અને તેની સામે પોલીસમથકે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ, શહેરમાં કેટલાક સમયથી દારૂની બદી ફુલીફાલી છે, ત્યારે દારૂના વેચાણને લીધે શહેરનું યુવાધન પણ દારૂની બદીમાં સપડાઈ બરબાદીના પંથે જઈ રહ્યું હોવાથી શહેરમાં થઈ રહેલા દારૂના વેચાણને બંધ કરાવવા તાકીદે યોગ્ય પગલા લેવામાં આવે તેવી શહેરીજનોની માંગ પ્રવર્તી રહી છે.

### શિયાળો જામ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસ્ટર્બન્સની અસર દૂર થતાની સાથે જ ઠંડીમાં વધારો થયો છે. જો કે હજુ કોલ્ડવેવની સંભાવના નથી. ડિસેમ્બર માસના અંતે કાતિલ ઠંડીની શરૂઆત થશે. દિવસે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ સ્થિર થયું છે. પરંતુ લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડિ.સે. સુધી પહોંચતા રાત્રે અને વહેલી સવારે ઠંડીનો અનુભવ વધુ થાય છે. રાત્રે તો સ્વેટર પહેર્યા વિના ઘરની બહાર નીકળી શકાતુ નથી. સાંજે ઠંડીની અસર તળે બજારો વહેલા સુમસામ થઈ જાય છે.

આંતરિક સેક્ટરોમાં પણ ખુબ ઓછા લોકો જોવા મળે છે. દ્વિચક્રી વાહનચાલકો ઠંડીના કારણે ઘરની બહાર નીકળવાનું ટાળે છે. રાત્રે આઠ-નવ વાગ્યે તો માર્ગો એકદમ સુમસામ લાગવા માંડે છે. ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. શિયાળો જામતા મોર્નિંગ વોક કરવા નીકળનારાઓની સંખ્યા વધી છે. શિયાળાની મોસમનો લાભ ઉઠાવવા ઘણા વસાહતીઓ વહેલી સવારે ચાલવા નીકળી જાય છે. જો કે હજુ ગાત્રો થીજવી નાંખતી ઠંડી પડી રહી નથી.

### યુવાનોના મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નડ્યો હતો. આગળ જતાં કોઈ અજાણ્યા ભારે વાહનની પાછળ કાર ઘુસી જતાં કાર ચાલક ધવલ ભુપતભાઈ માંડવીયા તથા તેની બાજુમાં બેસેલા સાવન ઝવેરભાઈ લક્કડનું ઘટનાસ્થળ પર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા અન્ય ત્રણને સારવાર માટે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ત્રીજા મિત્ર યશ બ્રહ્મભટ્ટનું પણ સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે મૃતક કારચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### મહાનગરપાલિકામાં.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરીડોર તરીકે ડેવલપ કરી રહી છે ત્યારે આ બે ગામોનો હાલ પુરતો સમાવેશ કરવા ઈચ્છે છે. આ બે ગામોની આસપાસ શૈક્ષણિક સંસ્થાઓ પણ સારી એવી વિકાસ પામી ચુકી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વધારવાનો મુદ્દો પંચાયતના સિમાંકન સાથે જ આખરી કરી દેવામાં આવશે.

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં કોંગ્રેસની પક્કડ મજબુત છે અને હાલ પણ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પ્રતિનિધિઓ કોંગ્રેસના છે. એટલુ જ નહિ જિલ્લા પંચાયતમાં પણ કોંગ્રેસનો દબદબો છેલ્લી ગણી બધી ટર્મથી રહેવા પામ્યો છે. ગાંધીનગર કોર્પોરેશનમાં સાત ગામો સમાવાયા છે હવે વધુ બે ગામો તેમજ પાલજનો કેટલોક હિસ્સો જે બાકી છે તે પૂર્ણતઃ ભેળવી દેવામાં આવશે. કોર્પોરેશનમાં કોંગ્રેસની સત્તા પણ ગ્રામ્ય વિસ્તારના વોર્ડ ખુલતાં બની હતી તે વાત ભાજપના નેતાઓ સારી રીતે જાણે છે એટલે તેઓ પણ હદ વધારાના મુદ્દે છાશ ફુંકી ફુંકીને પી રહ્યા છે અને સરકારને પણ હાલ પુરતા બે જ ગામ સમાવવા માટેનો આગ્રહ રાખી રહ્યાનું જાણવા મળેલ છે.

### મીડીયાનું કામ... ● ત્રીજા પાનાનું ચાલુ

ગુજરાત, શ્રી કેશુભાઈ પટેલે સમૃધ્ધ ગુજરાત સંસ્કારી ગુજરાત અને દેશના વડા -ધાન રાજયના મુખ્ય મંત્રી હતા ત્યારે તેમણે વાઈબ્રન્ટ ગુજરાતનું સૂત્ર આપ્યું હતું. આમ ગુજરાતની વિકાસની ગતિ સતત આગળ વધતી ગઈ છે. ગતિ દરેક માણસા જીવનમાં ખૂબ જરૂરી છે. ગતિ સંવાદિતા જાળવવામાં મદદ કરે છે અને ગતિ સુખ, આનંદની -તિતી કરાવે છે. આમ મુનષ્ય માત્ર ગતિને સાધ્ય છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, શીલ શબ્દ શૈલી શબ્દ પરથી આવ્યો છે. મીડિયામાં ચારિત્ર્ય અને શૈલી ખૂબ જ જરૂરી છે. મીડિયા તંત્ર અને -જાને જોડતો સેતુ છે. આજથી થોડાક દાયકાઓ અગાઉ સમાજ પર સંતો અને શિક્ષકોની મોટી અસર જોવા મળતી હતી, પણ આજે મીડિયાની અસર ખૂબ જ જોવા મળે છે, તેવું કહી તેમણે મીડિયાની મુખ્ય કામગીરી અને સમાજ પર અસરની વિસ્તૃત ચર્ચા કરી હતી. મીડિયાનું કામ સાચી માહિતી આપવા સાથે સાથે લોક ઘડતર કરવાનું પણ મુખ્ય છે. સમાજમાં સંવેદના ઘટશે તો વેદના જરૂર વધશે, તેવું કહી મીડિયાના માધ્યમથી એનઆઈઆરના ગુજરાતમાં રૂપિયા ૧૫૦ કરોડથી વધુ રૂપિયા ગુજરાતમાં આવ્યા છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી.

ઈ.ટીવીના વરિષ્ઠ પત્રકાર શ્રી નરેશ દવેએ જણાવ્યું હતું કે, મીડિયાએ જરૂર પડે ત્યાં સરકારનું ધ્યાન દોરવા જેવી વિગતો તરફ ધ્યાન દોરવું જઈએ તેમજ સારી વાતને -ેત્સાહિત પણ કરવી જોઈએ. તંત્રને ગતિમાં રાખવાનું કામ મીડિયાનું છે, પણ તંત્રની ગતિ ધીમી પડે તો કલમ રૂપી ચાબુકનો ઉપયોગ પણ કરવો જોઈએ. જિલ્લા કક્ષાએ નાના અખબારોની ભૂમિકા પણ ખૂબ જ મહત્વની છે. જો નાગરિક ગતિશીલ તો તેનો પરિવાર ગતિશીલ તો તે સમાજ ગતિશીલ અને સમાજ ગતિશીલ તો તંત્ર ગતિશીલ આ ચેઈનને જોડવાની જવાબદારી મીડિયાની છે. તે ઉપરાંત સમયની તેજ બનતી ગતિ સાથે પત્રકારત્વ ક્ષેત્રે ટકી રહેવા પણ પત્રકારે બદલાવું ખૂબ જ જરૂરી છે.

કાર્યક્રમના આરંભે વિષય -વેશ અને મહાનુભાવોનો પરિચય -દેશિક માહિતી કચેરી, અમદાવાદના સહાયક માહિતી નિયામક શ્રી અભયભાઈ રાવલે કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર નાયબ માહિતી નિયામક શ્રી -જ્ઞાબેન પટેલે કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધી સહાયક માહિતી નિયામક શ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાયે કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંયુક્ત માહિતી નિયામક શ્રી મહેશકુમાર રાણાના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર અને -દેશિક માહિતી કચેરી, અમદાવાદના સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

### ૩૦ બેઠકો બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હશે. માણસા તાલુકામાં ગઈ વખતે સીમાંકનને લઈ થયેલા વિવાદને પગલે બેઠકોના સીમાંકનમાં બહુ ફેરફાર કરાયા ન હતા. જો કે નવા સીમાંકનની અસરો બધા તાલુકાને થશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી વિસ્તારોની હદમાં વધારો કરવો કે કેમ ? તેને લઈ ચાલતી અલગથી પ્રક્રિયાને લઈ સંખ્યાઓ નિયત કરવામાં વિલંબ થયો છે. હવે ચૂંટણીપંચ આ બાબતે વધુ સક્રિય બન્યુ હોવાથી આ બેઠકો નિયત કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહથી નવા સીમાંકન માટેની કામગીરી હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ કામગીરી છ માસ જેટલો સમય ચાલે તેટલી મોટી હોય છે. તેમાં અનામત બેઠકોની ફાવણી, વસ્તીનું પ્રમાણ તેમજ ભૌગોલિક બાબતોને પણ ધ્યાનમાં લેવાની થતી હોવાથી કામગીરી ઘણી કઠિન છે. આ ઉપરાંત રાજકીય પક્ષોને પણ વિશ્વાસમાં લેવાના હોય છે. એટલુ જ નહિ નવા સીમાંકન બાબતે વાંધા-સૂચનો પણ મેળવવાના હોય છે.

ઓગસ્ટમાં પંચાતની સામાન્ય ચૂંટણીઓની કવાયત વધુ વેગ પકડશે તેમ જાણકારોનું માનવું છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં હાલ સભ્ય સંખ્યા ૨૭ની છે. જેમાં ગાંધીનગર તાલુકાની ૯ બેઠકો, માણસાની પાંચ દહેગામની ૬ અને કલોલની ૭ બેઠકોનો સમાવેશ થાય છે. નવા સીમાંકનમાં કલોલ, માણસા અને દહેગામમાં એક-એક બેઠકનો વધારો થશે તેમ મનાઈ રહ્યું છે. તો ગાંધીનગર તાલુકાના સીમાંકનમાં ગાંધીનગર મનપાની હદમાં વધારો થાય તો કેટલીક બેઠકોના સીમાંકનમાં ફેરફારો થશે.

### રેકેટનો પર્દાફાશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ રમેશચંદ્ર જયંતિલાલ નાયક ટોકન કુપન આપીને રૂ. ૧૦૦ની લાંચ લેતા રંગેહાથ એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા. એસીબીની એક ટીમ ડ્રાઈવર ક્લીનર બનીને ગઈ હતી અને ટ્રેપ સફળ બનાવી હતી બંને પોલીસ જવાનો પાસેથી જથ્થાબંધ ટોકન કુપનો મળી આવી હતી. જે એસીબીએ જપ્ત કરી છે. તે ઉપરાંત ચ-0 સર્કલથી ઈન્દ્રોડા જતા રોડ પર એસઆરપી કોન્સ્ટેબલ ભુપેન્દ્રસિંહ જશવંતસિંહ ચૌહાણ એન્ટ્રી ફી પેટે રૂ. ૨૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. ગાંધીનગર એસીબીએ ત્રણેય સામે ગુનો નોંધી મહેસાણા એસીબી પી.આઈ. પરમારે તપાસ શરૂ કરી છે. ટોકન કુપન હપ્તા સિસ્ટમના મુળ સુધી પહોંચવા એસીબીની ટીમે કવાયત શરૂ કરી છે.

### બાયો ચઢાવે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેબીનેટ મંત્રીશ્રીઓ સાથે ચર્ચા બેઠકમાં સંમતી સધાયેલ મુદ્દાઓના પરીપત્રો આજદિન સુધી ન થતાં અને સરકારશ્રી તરફથી આ બાબતે યોગ્ય પ્રત્યુત્તર ન મળતાં ના છુટકે સંલગ્ન મંડળોના હોદેદારોના આક્રોશને ધ્યાને લઈ આ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આગામી તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી તમામ મંડળોના સર્વે જિલ્લાના આશરે ૩૦૦ હોદેદારો દ્વારા પ્રતિક ધરણા કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. સરકાર દ્વારા પડતર માંગણીઓ બાબતે જો ઠરાવ/પરિપત્ર કરવામાં નહિ આવે તો આગામી આંદોલાનાત્મક કાર્યક્રમો જાહેર કરવાની ફરજ પડશે. આજે યોજાયેલી બેઠકમાં રાજ્યમાંથી ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ, સચિવાલય ફેડરેશન, પંચાયત મહાસંઘ, ચોથા વર્ગ કર્મચારી મહામંડળ, પ્રાથમિક શિક્ષક સંઘ, મહાનગર પાલિકા સંકલન સમિતિ, ન્યાયાલય કર્મચારી મહામંડળ, રેવન્યુ કર્મચારી મહામંડળ, બોર્ડ નિગમ કર્મચારી મહામંડળના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા.

### શિક્ષણની દશા અને દિશા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેઓ ગ્રામભારતી ખાતે શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ શિક્ષણ વિભાગની યોજનાઓ સાથે સંકળાયેલા અન્ય વિભાગોના અધિકારીઓ ઉપરાંત શિક્ષણ સમિતિના ચેરમેન તેમજ ન.પા. શિક્ષણ સમિતિના ચેરમેનો સાથે વિસ્તૃત બેઠક કરી જિલ્લામાં શિક્ષણની દિશા ને દશા પર ચિંતન કરનાર છે. આ પછી તેઓ પ્રાથમિક શિક્ષક સંઘ, માધ્યમિક શિક્ષક સંઘ, આચાર્ય સંઘ અને મધ્યાહ્‌ન ભોજન યોજનાના પ્રતિનિધિઓ સાથે બેઠક કરનાર છે. આ બધા શૈક્ષણિક કર્મચારી સંગઠ્ઠનો માટે તેમણે એક કલાકનો સમય ફાળવ્યો છે. ચિંતન બેઠકમાં તેઓ વિરામ બાદ કૃષિમેળામાં હાજરી આપી ગાંધીનગર આવશે અને ગાંધીનગરમાં ચિંતનનો બીજો તબક્કો શરૂ થશે. જેમાં સ્વનિર્ભર સંસ્થાઓના સંચાલકો, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના સંચાલકો અને નિવૃત્ત અધિકારીઓ સાથે અલગ-અલગ બેઠક કરનાર છે.

શિક્ષણમંત્રી શ્રી દ્વારા જિલ્લાના શિક્ષણ તંત્ર પર પહેલીવાર ચિંતન બેઠક યોજાઈ રહી છે. જો કે આ બેઠકમાં ચિંતન મટોના વિષયો નિયત કરાયા નથી. અત્રે એ ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ પ્રા. શિક્ષણની એક ચિંતન શિબિર દહેગામના કલ્યાણકંપા ખાતે યોજાઈ ગઈ છે. આ ચિંતન બેઠકમાં માધ્યમિક શિક્ષણ પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ ચિંતન બેઠકમાં સૌને સાથે રાખવાનો પ્રયાસ થયો છે જે નોંધનીય છે.

## શબ્દાવલી - ૫૫૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | | |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| | ■ | | ■ | | ■ | ■ | |
| ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | | | |
| ■ | ૧૩ | ૧૪ | | ■ | ■ | ■ | ■ |
| ૧૫ | | | ■ | ૧૬ | | ૧૭ | ૧૮ |
| ■ | ૧૯ | | | | ■ | ૨૦ | |

**આડી ચાવી**

૧. પૃથ્વી પર અવતરેલા દેવ (૪)
૪. પાસે, નજીક (૩)
૬. નાશી છુટવું, ભાગી જવું (૩)
૭. આનંદ (૨)
૮. નાના બાળકોને થતો એક રોગ (૩)
૯. ફરિયાદ (૨)
૧૦. આંગળાથી... વેગળા તે વેગળા (૩)
૧૨. ચોરી કરે તેને પકડવું તેવી એક બાળ રમત (૫)
૧૩. ધારા, સેર (૩)
૧૫. ફુલ, પુષ્પ (૩)
૧૬. સભા, જગ્યા (હિન્દી-ઉર્દુ - શબ્દ) (૪)
૧૯. અકબંધ, ગેડ વાળેલી જ હોય તેવું (૪)
૨૦. સપાટી (૨)

**ઊભી ચાવી**

૧. ખુબ જ સરસ (૫)
૨. 'રાવ' નો ઊંધો શબ્દ (૨)
૩. તારવવું તે, જુદુ કાઢવું (૪)
૪. ગુનો કર્યો હોય તો... પણ ભોગવવી પડે (૨)
૫. પાલના, પાળવું, પોષવું તે (૫)
૭. 'ધરખમ' શબ્દ આડોઅવળો (૪)
૧૧. મતભેદ, કજિયો (૪)
૧૨. ચોરી કરે તે.... (૨)
૧૪. ચુલો (૩)
૧૬. આંધળુ (૨)
૧૭. લીન, રત (૨)
૧૮. માણસ, મનુષ્ય (૨)

### શબ્દાવલી ૫૫૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કુસંપ (૪) પાજી (૬) વરઘોડીયા (૮) અષ્ટવક્ર (૧૦) આયાત (૧૧) કચોરી (૧૪) મસ (૧૫) અનારકલી (૧૭) લલાટ (૧૯) મમ (૨૦) ચડઉતર

**ઊભી ચાવી :-** (૨) સંતુષ્ટ (૩) ખાર (૪) પાડી (૫) જીયાણુ (૬) વક્ર (૭) ઘોડીયાઘર (૮) અલકમલક (૯) વસ્તારી (૧૨) ચોસલા (૧૩) તાલીમ (૧૬) કમર (૧૮) ટચ